# તસ્બીહે રમઝાનુલ મોઅઝ્ઝમ

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ اَسْـتَغْفِرُ اللّٰهَ اَللّٰهُمَّ
اِنِّيْٓ اَسْـئَلُكَ الْجَنَّةَ وَاَعُـوْذُ بِـكَ
مِنَ النَّارِ

**લા ઇલાહા ઇલ્લલ્લાહ અસ્તગફેરૂલ્લાહ અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકલ જન્નતા વ અઉઝો બેકા મિનન્નાર.**

*અલ્લાહ સિવાય બીજું કોઈ ઈબાદતને લાયક નથી, હું અલ્લાહ પાસે જ મગફેરત માંગું છું. અય પરવરદીગાર હું તારી પાસે જન્નતનો સવાલ કરૂં છું અને જહન્નમથી તારી પનાહ માંગુ છું.*

શહરૂલ્લાહિલ હરામ અલ્લાહનાં મહીના છે. જેના નામની ઝિક્ર અલ્લાહતઆલાએ ખુદનાં કલામમાં "રમઝાન" થી કીધેલી છે. ***આ ઇબાદતનાં અને અલ્લાહની બેશુમાર નેઅમતોનો શુક્ર બજા લાવવાનાં મહીના છે.*** "રમઝાન" નામ ઘણું શીરીન અને પુર સમર છે. આની અઝમતને ખાતિર અલ્લાહતઆલાએ સુરએ બકરહમાં "શહરો રમઝાન" થી મુસ્લેમીન મુમેનીનથી મુખાતિબ થયેલા છે. આ મહીનાના "દિલમાં" કુરઆનનો નુઝૂલ થયો, જે એહલે ઈસ્લામ વાસ્તે હિદાયતનાં સર ચશ્મા છે, નુર છે, ફુરકાન છે અને બૈય્યેનાત-અલ્લાહની ઝાહેરી નિશાનીઓના મઝહર છે. શહરે રમઝાનનાં "રે" થી મુમેનીનને રેહમત, "મીમ" થી મગફેરત, "ઝાદ" થી જન્નતની ઝમાનત, "અલિફ" થી હર અમલે ખૈરમાં ઉન્સત અને "નૂન" થી નેઅમતે લા ઝવાલ હાસિલ થાય છે. તેથી આ મહીના તમામ વાસ્તે ગફલતની નીંદમાંથી બૈદાર થઈને અલ્લાહની ખુશ્નુદી હાસિલ કરીને બરકાત અને ફ્રોયુઝાતની સૌગાતો પરામવાના ઝરીઆ છે.

વક્તની ગરદિશ અને રવિશને કોઈ રોકનાર નથી. આ ઈબાદતના મહીનાઓની આમદો રફત થાયા જ કરે છે, પણ અકલમન્દ અને હોશમન્દ શખ્સ તો તે જ છે, જે આ મહીનાનો પૂરજોશથી મરહબા કહી ઈસ્તિકબાલ કરે, ખુશ આમદીદ કહે અને તેથી પૂરે પૂરો ઈસ્તેફાદો લે, નફઅ હાસિલ કરે અને પોતાના નફસે લવ્વામા અને નફસે અમ્મારા ને મારી નફસે રાઝીયા મરઝીયા બનાવે. અલ્લાહની ખુશ્નુદી વાસ્તે પોતાના અંગવાઓને નમાઝો-બંદગીમાં ઝુકાવે, થકાવે, અને નમાવે. ***ખુશ નસીબી અને બલન્દ ઇકબાલી છે તે શખ્સની કે, જે જમન હાઝિર હોય તો પણ ભૂખ અને પ્યાસ ની શિદ્દતને બરદાશ્ત કરે, દિનોમાં તિલાવતે કુરઆને કરીમ કરે અને રાતોને તહજ્જુદ અને બિહોરીની નમાઝથી ઝિન્દા કરે.*** જીતી ગયો તે શખ્સ જેએ રોઝામાં અલ્લાહની તસ્બીહ કીધી, દોઆઓ કીધી, હરામના કામોથી અને મુન્કેરાતથી દૂર રહ્યો અને આ મહીનાના આઅમાલે ખૈરમાં રગબત રાખી. આ મહીના તઝકીયત-પાકીઝગીનાં મહીના છે. નમાઝો વાસ્તે જ નહીં પણ રાત-દિન બા વુઝુ પાકો સાફ રહેવાથી જીસ્મની તઝકીયત થાય છે, નમાઝો પઢવાથી દિલ-દિમાગ-અકલ ઝહનની તઝકીયત થાય છે અને તરો તાઝગી હાસિલ થાય છે, દાઈઝઝમાન (ત.ઉ.શ.) ને હુકૂકિલ્લાહિલ વાજેબાત જેવા કે ઝકાતુલ માલ, ઝકાતુલ ફિત્ર, સિલએ દાઈઝઝમાન, નઝરૂલ મકામ (અ.સ.), કફ્ફારા વક્ત સર અને ગિન્તી મુજબ અદા કરવાથી દૌલતો સરવતની પાકીઝગી હાસિલ થાય છે, અને જુમ્લા તૌર પર આ મહીનાની હર સાઅત અને પલોમાં અલ્લાહની ઝિક્રે ખૈર કરવાથી ફિક્રો-ખ્યાલ, રફતાર-ગુફતાર, સીરતો અખ્લાકમાં પાકીઝગી, નૂર, કમાલીયત અને તાઝગી નસીબ થાય છે.

શહરે રમઝાનમાં રોઝા ફર્ઝ કરવામાં આવેલા છે જેમ આગલી ઉમ્મતો પર વાજિબ થયેલા હતા. નમાઝનો સવાબ ૭૦ ઘણો છે. આની અદાએગી અગર મુમીન પોતાના સાચા દિલી અઝમો નિય્યતથી કરે તો જ તેને મકબુલીયતની મોહર લાગે છે. અગર તે રોઝાઓ રાખે મગર તેને ભૂખ-પ્યાસ સમઝીને, નમાઝો પઢે મગર યોગ તેમજ જીસ્માની વરઝિશ ગરદાનીને, વુઝુ તો કરે મગર જીસ્મને પાનીથી ધોવાની નિય્યતથી, રાતોને કિયામ અને તહજ્જુદમાં તો ગુઝારે પણ શબ-બેદારી ઉજાગરો કરવાની નિય્યતથી, તિલાવતે કુરઆને કરીમ તો કરે પણ ફક્ત બરકત લેવાની ગરઝથી, પણ જો અગર આ જ આઅમાલ સિદક દિલ અને ખાલિસ નિય્યતથી થાય, રોઝાને સાથે તમામ આઅઝાઓ પર કાબૂ હોય અને હરામકારીથી પરહૈઝ હોય, નમાઝની અદાએગી સાથે ખુશુઅ-ખુઝુઅ અને મગફેરતની તલબ હોય અને ઈબાદતનો લુત્ફ હોય, વુઝુને સાથે અલ્લાહના દરબારમાં ઉભા રહેવાનો દિલમાં ખૌફ હોય, તહજ્જુદની નમાઝ સાથે ગુનાહોથી તૌબા અને ખતાઓની મગફેરત વાસ્તે આહોઝારીથી મુનાજાતની પઢાઈ હોય, કુરઆન ખ્વાની સાથે તાઅલીમાતે કુરઆન, ઈતાઅતે હક્કતઆલા અને ઈમાનનાં હકાઇકની તકમીલ હોય તો જ આ મહીના મુમીન વાસ્તે બરકત, રેહમત અને મગફેરતની બહાર લાવે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપ આપના ફરઝંદોને હર મરતબા ફરમાવતા કે, જે વકત શહરે રમઝાન તશરીફ લાવે તો અપના નફસોને ઈબાદતમાં મશ્ગૂલ કરી દો, સબબ કે આ માહે મુબારકમાં રોઝી તકસીમ થાય છે, મૌત વાસ્તે દિન મુકર્રર થાય છે અને હક્કતઆલાની બારગાહમાં પહોંચનારાઓના નામો લિખવામાં આવે છે અને આ મહીનામાં એવી પણ રાત આવે છે, જે રાતમાં અમલ કરવાનો સવાબ હઝાર મહીનાઓનાં અમલથી બેહતર છે. તેથી આ ખુદસાઝી અને અમલ પરદાઝીના મહીના છે. તે શખ્સ ઘણો બદ કિસ્મત છે કે, આ મુજબની ફઝીલતનાં મહીનાને કોતાહીમાં, રમતબાઝીમાં અને દુનિયા તલબીમાં ગુઝારે. મુમીન પર લાઝિમ છે કે, આ મુકદ્દસ મહીનામાં તમામ જીસ્માની ખ્વાહેશાત, દુન્યવી મુતાલેબાત અને જીન્સી તકાઝાઓ પર કાબૂ રાખે કેમ કે આ મહિના પોતાની ઝાતને અલ્લાહને સિપુર્દ કરી દેવાનાં મહીના છે. જેમાં હર આઅમાલ ફક્ત પોતાના ખાલિકને વાસ્તે અને એની રઝામંદી અને ખુશ્નુદી વાસ્તે જ હોય છે, જેના સબબ આખિરમાં મુમીનની આરાસ્તગી અને નજાતી છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી રિવાયત છે કે, એક મરતબા આપે માહે શઅબાનના આખરી અય્યામમાં લોગોને ખિતાબ કરી ફરમાવું કે, "અય લોગો! માહે મોઅઝઝમે તમારા પર સાયો કીધો છે. આ મુબારક મહીનામાં એક એવી રાત પણ આવે છે જેમાં અમલ કરવાનો સવાબ એક હઝાર મહીનાનાં આઅમાલ કરતા બેહતર છે. અગર કોઈ શખ્સે આ માહે મુબારકમાં એક પણ નેક અમલ કરીને અલ્લાહની કુરબત હાસિલ કીધી, તો તે એ શખ્સને જેમ છે કે, જે એ એક પૂરો ફરીઝો અદા કીધો અને જેએ માહે રમઝાનમાં એક ફરીઝાને પણ અદા કરી લીધો તો તે એ શખ્સની મિસ્લ છે કે, જેએ સિત્તેર ફરઝોને અદા કીધા.

**આ મુબારક મહીનામાં એક એવી રાત પણ આવે છે જેમાં અમલ કરવાનો સવાબ એક હઝાર મહીનાનાં આઅમાલ કરતા બેહતર છે. અગર કોઈ શખ્સે આ માહે મુબારકમાં એક પણ નેક અમલ કરીને અલ્લાહની કુરબત હાસિલ કીધી, તો તે એ શખ્સને જેમ છે કે, જે એ એક પૂરો ફરીઝો અદા કીધો અને જેએ માહે રમઝાનમાં એક ફરીઝાને પણ અદા કરી લીધો તો તે એ શખ્સની મિસ્લ છે કે, જેએ સિત્તેર ફરઝોને અદા કીધા.**

***આ સબના મહીના છે અને સબનો સવાબ જન્નતુલ ફિરદૌસ છે. આ એકબીજા સાથે હમદર્દી કરવાનાં મહીના છે.*** આ મહીનામાં મુમીનની રોઝીમાં ઈઝાફો કરવામાં આવે છે. આ માહે અઝીમમાં જે શખ્સ કોઈ રોઝાદારને ઈફતાર કરાવે છે તેનાં ગુનાહ મઆફ કરવામાં આવે છે અને આતિશે જહન્નમથી તેને આઝાદ કરવામાં આવે છે."

*માહે રમઝાન તે મહીના છે, જેનો પહેલો દસકો રેહમતનો છે, દરમ્યાનનો દસકો મગફેરતનો છે અને આખરી હિસ્સો આતિશે જહન્નમથી નજાત હાસિલ કરવાનો છે.* આ મહીનામાં જે શખ્સ પોતાના ખાદિમો-મુલાઝિમોની કામગીરીમાં કમી કરશે તો અલ્લાહતઆલા એના તમામ ગુનાહોને મઆફ કરી દેશે અને અઝાબે જહન્નમથી આઝાદ કરી દેશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી રિવાયત છે કે, એક મરતબા આપ મિમ્બર પર તશરીફ લઈ ગયા, પછી પહેલે તો આપે "આમીન" કહ્યું, પછી આપે ફરમાવું કે, અય લોગો! હમણાં હમણાં જીબ્રઈલ મારી તરફ પધારા અને ફરમાવવા લાગા કે, અય મોહમ્મદ (સ.અ.વ.વ.)! જે શખ્સે રમઝાનને પાયા મગર આ માહે મુબારકમાં એની મગફેરત ન થઈ અને તે વફાત થયો, તો એવો શખ્સ જહન્નમમાં દાખિલ થાશે. ખુદા એનાથી આપને દૂર રાખે, અય મોહમ્મદ (સ.અ.વ.વ.) કહો "આમીન", તેથી મેં આમીન કહ્યું. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, માહે રમઝાનમાં જેની મગફેરત ન થઈ, તો તેને હરગિઝ મઆફ કરવામાં નહીં આવે, જહાં તક તે અરફાના મૈદાનમાં જઈને મગફેરત તલબ નહીં કરે. ***આપે (સ.અ.) એમ પણ ફરમાવું કે, ત્રણ કામો કરવામાં અલ્લાહની ખુશી હાસિલ થાય છે. (૧) રાતમાં ઉઠીને તહજ્જુદની નમાઝ પઢવી (૨) મુમીન ભાઇઓ થી મુલાકાત કરવી (૩) રોઝા રાખવા.***

અલ્લાહની બારગાહે હક્કમાં દોઆએ ખૈર છે કે, શહરૂલ્લાહ રમઝાનુલ મોઅઝઝમ જેવા બા બરકત મહીનામાં જે જે ફરઝો અને આઅમાલ મુમીન પર સાબિત અને વાજિબ કરવામાં આવેલા છે, તે તમામ પાબન્દી, ફરતો-નશાત અને ઝૌકો-શૌકથી અદા કરવાની પરવરદિગાર તમામ મુમેનીનને નેક તૌફીક આપે અને દાઈઝઝમાન સૈયદના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની દોઆઓની બરકાત હક્કનાં એહલે વલા અને યકીન પર કાઈમો દાઈમ રહે અને આપનાં દોઆઈયા કલેમાતથી મુમેનીનનાં નામએ આઅમાલને અલ્લાહતઆલા આઅમાલે ખૈરના અફઝલ અને આઅલા અજરો સવાબથી ભરીને માલામાલ કરે - આમીન. ★